# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં એટીએમ મશીનો મોટા ભાગના બંધ













૧ લી ફેબ્રુઆરીથી એટીમ મશીનો પરથી નાણાં ઉપાડવાની મર્યાદા દૂર કરાઈ છે. જો કે મોડાસા સહિત અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એકલ દોકલ મશીનોમાંથી નાણા ઉપાડવાની સુવિધા મળી હતી. મોડાસા સહિત જિલ્લાના મોટાભાગના એટીએમ મશીનો સાવ બંધ જોવા મળ્યા હતા. મોડાસા શહેરના ૧૪ એટીએમ મશીનમાંથી ૬ એટીએમ મશીનોમાં રોકડની સુવિધા હતી બીજા ૮ જેટલા એટીએમના શટર સદંતર બંધ જોવા મળ્યા હતા. તેની સાથે જ રોકડની છુટની જાહેરાતોનું પણ સૂરસૂરીયુ થઈ ગયુ છે. નોટબંધી જાહેર થયા પછી રોકડની અછતના નિવારણ અંગે તંત્ર દ્વારા ગમે તેટલા દાવા થતા હોય પણ અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર સહિત મુખ્યમથક મોડાસા શહેરની વાસ્તવિકતા કંઈક જુદી છે. કેટલાક એટીએમ મશીનો મહિનાઓથી સાવ બંધ છે. તો કેટલાક મશીનોના શટર ખુલ્લા હોવા છતાં ચાલતા ન હોવાનું જોવા મળે છે. જિલ્લાના એટીએમમાં કેશ મુકાતી નથી તેના કારણ જણાવવા અંગે બેંક સત્તાધીશો કંઈ પણ બોલવા નનૈયો ભણી રહ્યા છે.

# મહેસાણા ખાતે રૂપિયા ૫૮ કરોડથી વધુ રકમના વિકાસ કામોનું લોકાર્પણ

મહેસાણા, તા. ૫

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે આજે મહેસાણા ખાતે રૂપિયા ૫૮ કરોડથી વધુ રકમના વિકાસ કામોનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમા ૩૭૨ કરોડના ખર્ચે ૯૬૧ કિ.મિ થી વધુ લંબાઈના ૨૭૨ રસ્તાઓના કામો પુર્ણ કરવામા આવ્યા છે, જ્યારે વર્ષ ૨૦૧૬-૨૦૧૭મા ૪૭૨ કરોડના ખર્ચે ૧૧૦૫ કિ.મિ ની લંબાઈના ૩૬૦ કામો મંજુર કરવામા આવ્યા છે જેના કારણે જિલ્લાના પ્રજાજનોની સુખાકારીમા વધારો થયો છે.

મહેસાણા જિલ્લાના વિવિધ વિકાસ કામો અને ખાતમહુર્તના કામોનુ લોકાર્પણ કરવાનો કાર્યક્રમ આજ રોજ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના વરદ હસ્તે યોજાયો હતો. જેમા સાંસદ જયશ્રીબેન પટેલ ખાસ ઉપસ્થીત રહ્યા હતા.

નિતીનભાઈ પટેલના હસ્તે જે વિવિધ કામોનું લોકાર્પણ કરવામા આવ્યું તેમા નાગલપુર વિસ્તારમા ચાર માર્ગીય રસ્તાનુ તથા ખારી નદી ઉપરના નવીન પુલનુ રાધનપુર પાંચોટ બાયપાસ સર્કલ સુધીનો છ માર્ગીય રસ્તો, બાયપાસ સર્કલથી પાંચોટ સુધીનો ચારમાર્ગીય રસ્તો, ધારાસભ્ય




ફંડમાંથી ફાળવેલ રૂપીયા ૧૦ લાખની એમ્બ્યુલન્સ વાનનો સમાવેશ થાય છે અને આ પ્રસંગે મા વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરવામા આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ રામોસણા વિસ્તારના પાટણ રેલ્વે લાઈનની નીચે આવવા-જવા માટે અન્ડરપાસ, મહેસાણા-વિસનગર રોડ (બિલડી બાગથી માનવ ધર્મ ચોકડી સુધી) છ માર્ગીય કરવાનું કામ અને બાયપાસ રસ્તા ઉપરના ફતેપુરા, પાલોદર ગામના સર્વિસ રોડ કરવાના કામોનુ ખાત મહુર્ત કર્યું હતું.

નિતીનભાઈ પટેલે મોઢેરા અને રાધનુર ચોકડી ખાતે વારંવાર ટ્રાફિક જામના પ્રશ્ને પ્રજાને પડતી હાલાકી બાબતે રજુઆતો કરવામા આવતા આ બન્ને જગ્યાએ ફ્લાય ઓવર બ્રિજ બનાવવાની તેમને હૈયાધારણ આપી હતી.

આ પ્રસંગે સાંસદ જયશ્રીબેન પટેલે મહેસાણા સિવિલ હોસ્પિટલને અદ્યતન બનાવવાની સાથો સાથ ઉભી કરવામા આવેલ ડાયાલીસીસ અને બર્નસ વોર્ડની વિગતો આપી હતી.

આ પ્રસંગે નાયબ કાર્યપાલક ઈજનેર પંડ્યાએ માર્ગ મકાન વિભાગ દ્વારા જિલ્લામા કરવામા આવી રહેલ વિકાસ કામોની જાણકારી આપી હતી. આ પ્રસંગે ઉચ્ચ અધિકારીઓ, કોર્પોરેટરો, રાજકીય આગેવાનો અન્ય મહાનુભાવો અને શહેરીજનો ખાસ ઉપસ્થીત રહ્યા હતા.

# તલોદ તાલુકાના તમામ તલાટીઓને નબળી કામગીરી માટે નોટીસ ફટકારાઈ

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તમામે તમામ ગ્રામ પંચાયતના તલાટીઓને તેઓની નબળી કામગીરી સંદર્ભે ખુલાસો માંગતી એક કારણદર્શક નોટિસ તલોદ તાલુકા વિકાસ અધિકારી કિરીટભાઈ કે. ચૌધરીએ આપતા તલાટી વર્ગમાં અને ધારાધોરણ મુજબ કામ નહિ કરતા અન્ય વર્ગમાં પણ ખળભળાટ વ્યાપી ગયો છો. કારણદર્શક નોટીસ સામે કામગીરીની પ્રગતિનો રીપોર્ટ દિન-૧૫માં તાલુકા પંચાયત કચેરી ખાતે રજૂ કરવા પણ નોટિસમાં તાકિદ કરવામાં આવી છે. નોટિસમાં જણાવેલ કુલ ૧૬ પ્રકારની કામગીરીની બાબતો પૂર્ણ થયા બાદ જ તલાટીઓને પગાર ચુકવવામાં આવશે અને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ નહિ કરનાર સામે શિસ્ત અને અપીલના નિયમો મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરી ઈજાફો અટકાવવા સહિતના પગલા ભરવાની ફરજ પડશે તેમ પણ ચિમકી આપવામાં આવેલ છે.

તલોદ તાલુકાની ગ્રામ પંચાયતના કુલ ૩૯ તલાટીઓને તા.વિ. અધિકારીએ ફટકારેલ નોટિસની ટોક ઓફ ધ ટાઉન બનેલી ઘટનાની સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત એવી છે કે તલાટી કમ મંત્રીઓને કરવાની થતી કામગીરીનો રિવ્યુ તા. ૨-૨-૧૭ની એક મિટીંગમાં લેવામાં આવતા એ હકિકત સપાટી પર આવી હતી કે તલાટીઓની કેટલીક કામગીરી ખુબજ નબળી હતી. જે અંગે અગાઉની મિટીંગોમાં પણ ચર્ચાઓ થવા પામી હતી. સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીએ તલોદ તાલુકાની મુલાકાત દરમ્યાન આપેલ કેટલીક અગત્યની સુચનાઓ છતાં તલાટીઓની કામગીરીમાં કોઈપણ જાતની પ્રગતિ જણાઈ ન હતી. જેના પરિણામ સ્વરૂપે તેઓને આમ આખરી અને આકરી કારણદર્શક નોટિસ આપવાની ટીડીઓને ફરજ પડેલ છે.

## તલોદના તમામ ૩૯ તલાટી કમ મંત્રીઓને કયા કારણોસર નોટિસ ?

- જમીન મહેસુલ વસુલાતની નબળી કામગીરી
- જમીન મહેસુલના બાકી હિસાબો સંદર્ભ
- જન્મ-મરણના બાકી પત્રકો સંદર્ભ
- સફાઈવેરો અને અન્ય વેરાના વસુલાત રેકર્ડ બાબત
- સરદાર આવાસ યોજનાની નબળી કામગીરી
- મહિને મળતી મિટીંગમાં અનેક સુચનાઓ બાદ પણ પત્રકો નહિ રજુ કરવા બાબત
- રિસર્વેના શૌચાલયોની કામગીરી માર્ચ અંતમાં પૂર્ણ કરવાની છે જેમાં નબળી કામગીરી
- તારાંકિત પ્રશ્નોની માહિતી સમય મર્યાદામાં નહિ પહોંચાડવા બાબત
- રિવ્યુ મિટીંગમાં અનિયમિતતા બાબત
- જે તે હેડ ક્વાર્ટર પર સમયસર હાજર રહેવા અને જિલ્લા વિકાસ અધિકારીના પત્રથી આપેલ સુચનાનુ પાલન નહિ કરવા બાબત
- સમયસર તુમાર નિકાલ નહિ કરવા બાબત
- ઈન્દિરા આવાસ સ્પીલ ઓવર મકાનો સમય મર્યાદામાં પૂર્ણ નહિ કરવા બાબત
- નરેગા શૌચાલયના એમઓયુ અને વર્ક કોડ બાબત
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ સફાઈની નબળી કામગીરી બાબત
- સ્વચ્છતા અને ડોર ટુ ડોર કચરા કલેક્શનની નબળી કામગીરી બાબત અને
- આવકના દાખલામાં અરજદારના જવાબ તથા પંચનામામાં અરજદારની અને પંચોની સહીઓ વગર પંચાયતના સહી-સિક્કા કરી આપવા બાબતનો સમાવેશ

# અરવલ્લી પોલીસે ગણતરીની મીનીટોમાં જ ચેઈન સ્નેચરને ઝડપ્યો

બાયડ, તા. ૫

આજકાલ ચોરી અને ચેન સ્નેચિંગ જેવા બનાવો સામાન્ય બની ગયા છે. મહિલાઓના ગળામાંથી સોનાના દાગીનાની ચોરીઓ કરવી વગેરે જેવા બનાવો વધી રહ્યા છે. અને આવા ગુનાઓમાં સંડોવાયેલા શાતીર ચોરો પલક જપકતામાં જ પોતાના કામને અંજામ આપી દેતા હોઈ છે. પરંતુ સામે પોલીસ પણ કાનૂન કે હાથ લંબે હોતે હૈની કહેવતને સાચી સાબિત કરવા આવા રીઢા ગુનેગારો ઉપર બાજ નજર રાખતી હોઈ છે. અને આવા ગુનેગારો વધુ ગુનાઓ કરે તે પહેલા જેલ હવાલે કરે છે. તો ક્યાં બની ચેન સ્નેચિંગની



ઘટના.. અને પોલીસે ગણતરીની મીનીટોમાં જ ઝડપી પાડ્યો ચેન સ્નેચરને જોઈએ આ અહેવાલમાં. બાયડ ડેપોમાંથી બે દિવસ અગાઉ મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચોરી થઈ હતી. મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચોરી થતાં સમગ્ર વિસ્તારની મહિલાઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. સમગ્ર ઘટના બાયડ પોલીસ સ્ટેશન સુધી પહોચતા બાયડ પોલીસે ચોરીનો ગુનો નોધી આ ચેન સ્નેચરને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી. અને આ ચેન સ્નેચર પોતાના બીજા ટાર્ગેટને અંજામ આપવા મોડાસા તરફ ગયો હતો. એવામાં મોડાસા પોલીસને આ રીઢા ગુનેગારની બાતમી મળતા મોડાસા ટાઉન પોલીસે આ ચેન સ્નેચર પોતાની અન્ય ચોરીઓને અંજામ આપે તે પહેલાંજ મોડાસા બસ સ્ટેશનમાંથી ઝડપી પાડ્યો હતો.

# બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ અને ઉપનયન સંસ્કાર સમારોહ કડા ખાતે યોજાશે

## ૨૧ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડશે : ૪૬ બટુકો જનોઈ ધારણ કરશે

પ્રાંતિજ, તા. ૫

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંચાલિત શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ, મુંબઈ આયોજીત જ્ઞાતિ વિવાહ ૨૬મો સમૂહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ કડા પાસે આવેલ સમાજ સંકુલમાં યોજાશે.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ સમારોહ તથા યજ્ઞોપવિત્ર વિધી તા. ૧૨-૨-૨૦૧૭ને રવિવારના રોજ ૨૨ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંકુલ, વિસનગર-ગાંધીનગર રોડ, ડાભલા ચોકડી, માણેકપુરા પાટીયા કડા પાસે યોજાશે જેમાં ૨૧ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડશે અને ૪૬ બટુકો શાસ્ત્રોક્ત વિધીવત જનોઈ ધારણ કરશે ત્યારે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ સંજયભાઈ એમ. રાવલ તથા શિવશક્તિ સેવામંડળના ચેરમેન સુરેશભાઈ એલ. રાવલ તથા બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ લગ્ન સમિતિ દ્વારા સમાજના ભાઈ-બહેનોને જાહેરમાં નિમંત્રણ પાઠવે છે અને દરેક ભાઈ-બહેનોએ નવદંપતિ અને બટુકોને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું છે.

# તલોદ ખાતે યુજીવીસીએલના બે અધિકારીઓનો નિવૃત્ત વિદાય સમારોહ

તલોદ, તા. ૫

ઉ.ગુ. વિજ કુ. લિ.ની તલોદ કચેરીમાં સાડા ત્રણ દાયકાથી પણ અધિક સમય સુધી ફરજ બજાવી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલા બે અધિકારીઓને શુભેચ્છા સહ વિદાય આપતો એક પ્રેરણાદાયી સમારોહ તલોદ ખાતે યોજાઈ ગયો. જેમાં વિજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારી ગણ તથા પરિવારજનોની નોંધપાત્ર ઉપસ્થિતિમાં વિજ કંપનીના તલોદ કચેરીના કાર્યપાલક ઈજનેર વાય. આઈ. શેખે સન્માનપત્ર અર્પણ કરીને બંને અધિકારીઓને શેષજીવનની શુભકામનાઓ પ્રદાન કરી હતી.

ગુ.વિ. બોર્ડ અને યુજીવીસીએલમાં ૩૬ વર્ષથી પણ વધુ સમયગાળા દરમીયાન ફરજ બજાવી નિવૃત્ત થયેલા સિનિયર આસિસ્ટન્ટ રમેશકુમાર કરશનદાસ ભલાવત તથા સુપ્રિ. એકાઉન્ટન્ટ (રેવન્યુ) વિષ્ણુભાઈ મોહનભાઈ પટેલ તા. ૩૧-૧-૧૭ના રોજ નિવૃત્ત થયા હતા. જેઓની ફરજ નિષ્ઠાની કદર કરીને વિજ કંપનીના સમસ્ત પરિવારે શેષ જીવનની તંદુરસ્તી અને સુખાકારીની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.



# મોડાસાની તુલસી આંગન રેસીડેન્સીમાં પાંચથી વધુ મકાનોના તાળા તુટ્યા







અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી તુલસી આંગન રેસીડેન્સીમાં શનિવારે રાત્રીના સમયે તસ્કર ટોળકીએ ૫ થી વધારે મકાનોમાં હાથ ફેરો કરી ૧ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ચોરીની ઘટનામાં જાણભેદુ તસ્કર ટોળકીનો હાથ હોય તેમ તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી મકાનોમાં રહેલો માલ-સામાન વેરવિખેર કરી અંદાજે ૧ લાખથી વધુની રોકડ રકમ અને સોનાના દાગીનાની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. નવાઈની વાત તો એ છે કે મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લાનુ પ્રથમ મહિલા પોલીસ સ્ટેશનનું ઉદ્ઘાટન હોવાથી રેન્જ આઈજી મોડાસાની મુલાકાતે આવવાની આગલી રાત્રીએ જ તસ્કરોએ પાંચ થી વધુ ઘરોમાં ધાડ પાડી પોલીસતંત્રની કામગીરી અંગે અનેક સવાલો પેદા કર્યા હતા. રેન્જ આઈજી આવવાના હોવાથી પોલીસ તંત્ર ચોરીની ઘટનાના સ્થળે નિરિક્ષણ કરી જતા રહ્યા હતા અને બપોર બાદ ચોરીની ઘટના અંગે વધુ તપાસ હાથ ધરવાનુ જણાવી દેવાયુ હતુ.